
## આપની આજ

**નરેન્દ્ર શાહ**
**(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)**

**આજે રાશિ સિંહ**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ચાંડાલ યોગ છે. આજે ગજકેસરી યોગ છે. આજે ગ્રહણ યોગ છે. આજે કાલસર્પ યોગ છે. આજે પૂનમનો યોગ છે.**

**મેષ** જો જન્મના ગ્રહોનું પીઠબળ સારું હશે તો કૌટુંબિક અને ખાસ કરીને સંતાનોના પ્રગતિના સમાચારથી તમારો દિવસ આનંદમાં પસાર થઈ જાય. દસમે બુધ - શુક્રની યુતિના કારણે તમોને તમારા વ્યવસાયમાં બઢતી અને લાભ મળે.

**વૃષભ** ચોથે રાહુનો ગ્રહણ યોગ - કાલ સર્પ યોગ - ચાંડાલ યોગ છે પરંતુ ગુરુ સાથે ચંદ્રનો ગજકેસરી યોગ પણ છે તેથી દિવસ દરમિયાન મિશ્ર ફળ મળે. થોડો દિવસ વ્યગ્રતામાં જાય તો થોડો આનંદમાં જાય.

**મિથુન** સારા નરસા યોગોના કારણે સારું ફળ મળતાં મળતાં અટકી જાય તેમ છતાંય નાના નાના સારા સમાચારો મળવાથી દિવસ થોડા થોડા આનંદમાં જાય તો થોડી વ્યગ્રતા પણ આવી જાય.

**કર્ક** બીજે ચાંડાલ યોગ - ગ્રહણ યોગ - કાલ સર્પ યોગ વિગેરે ખરાબ યોગોના કારણે આપને બીજા સ્થાનમાં ગજકેસરી યોગનો જોઈએ તેવો લાભ મળનાર નથી - નિરાશ થવાની જરૂર નથી. રાહ જુઓ.

**સિંહ** રાશિમાં પૂનમનો યોગ - ગ્રહણનો યોગ - ચાંડાલ યોગ - કાલસર્પ યોગ તેમજ ગજકેસરી યોગ તેમજ સારા નરસા પાંચ યોગો થતાં હોઈ તેમજ સૂર્ય સાતમે રહી રાશિને દ્રષ્ટ કરે છે જે માલિક છે - મિશ્ર ફળ આપે.

**કન્યા** બારમે ત્રણ ખરાબ યોગો એક સારો યોગ અને એક મિશ્રફળવાળો યોગ આવેલ હોઈ આપનો આજનો આખો દિવસ સારા નરસા અનુભવોમાંથી પસાર થાય - મિશ્ર ફળ મળે.

**તુલા** અગિયારમા સ્થાનમાં થયેલા તમામ યોગો તમોને મદદરૂપ થાય છે. ચોથે રાશિપતિ શુક્ર મિત્ર ઘરમાં સારું ફળ આપે. રાશિપતિ બીજે સ્થિતિ થઈને ચોથે સ્વગૃહી દ્રષ્ટિ કરે છે તેથી સારું ફળ મળશે.

**વૃશ્ચિક** રાશિનો માલિક રાશિમાં પોતાના ઘરમાં આવેલ હોઈ રાશિના જાતકોની તંદુરસ્તી જળવાઈ રહેશે. સ્વભાવ લડવૈયો બનાવશે. દસમાનો માલિક દસમે દ્રષ્ટિ કરતો હોઈ જાહેરજીવનમાં હીતો જળવાશે.

**ધન** સાહસોથી દૂર રહેવું. ખોટા રોકાણો કરશો નહીં. નુકસાન જવાના સંપૂર્ણ યોગો છે. સાચવીને વ્યવહારના સાહસો કરવા. ડરપોક સ્વભાવ રાખશો તો ખોટના ખાડામાં જતા અટકશો.

**મકર** આઠમા સ્થાનના અનુભ યોગો - ચાંડાલ - ગ્રહણ - કાલસર્પ તમોને બબધી જ બાબતોમાં સાચવવાની આવડત કેળવવાનું સૂચવે છે - રાશિમાં શુક્ર - બુધ સારા છે બાકી મિશ્રફળ મળશે - ધ્યાન રાખવું.

**કુંભ** સાતમાનો માલિક રાશિમાં હોઈ પ્રતાપી લોકભાગીદારીવાળો સમય પસાર થાય છે જેનો લાભ ઉઠાવી લેવો હિતાવહ છે. મિશ્રફળવાળા યોગો છે - તેથી સાચવેત રહેવું.

**મીન** તમારા ડીપ્રેશનનો સમય દૂર થવાના યોગો ચાલુ થઈ ગયા છે - હવે ટેન્શન હળવું થશે - જાતજાતના વિચારો આવે પણ દ્રઢતાથી સાચી દિશામાં વિચારીને ચાલવું જરૂરી છે.


## ભારતમાં નિર્મિત સર્વપ્રથમ નવીનતમ પ્રોડકટસ જે વાછૂટ (ગેસ)ની દુર્ગંધથી ઉદભવેલી ક્ષોભજનક પરિસ્થિતિમાંથી મુકિત આપે

તમને અચાનક જયારે વાછૂટ થાય અને દુર્ગંધ ફેલાય તો હવે તમારે આવી મૂંઝવણભરી સ્થિતિમાં મુકાવાની જરૂર નથી. ઈન્ટીમેટ ઈનરવેર ઉદ્યોગમાં અમે એક ક્રાંતિકારી શોધ કરી છે જેનાથી તમે ઓફિસમાં, બોસ સાથે મિટિંગ વખતે, ડેટિંગ પર જતી વખતે, લાંબી મુસાફરી દરમિયાન, પરિવાર સાથે અથવા લિફ્ટ જેવી બંધિયાર જગ્યામાં વાછૂટ વખતે ક્ષોભજનક મુંઝવણભરી સ્થિતિમાંથી બચી શકો છો.

ગ્રીનફિન્ચ ટેક્ષટાઈલ્સ પ્રા.લિ. ખાતે GON ™ નામે ડિસ્પોઝેબલ ગેસ ઓર્ડર ન્યુટ્રલાઈઝર તરીકે ટેકનીકલ ઈનોવેટિવ પ્રોડકટ વિકસાવી છે જે દરેકના દૈનિક જીવનમાં ઉપયોગી બની શકે છે. કોટન (કપાસ)માંથી બનેલી આ પ્રોડકટથી તમારી ત્વચાને પણ કોઈ નુકસાન થતું નથી. તેને સરળતાથી ઈનરવેરમાં મુકી શકાય છે અને ભાવ પણ બહુ વાજબી છે. એક વખત લોકોને તેની અસરકારકતા સમજાય પછી તેમની ચિંતા ઘટે છે અને ઉપયોગ વધશે.

પ્રોડક્ટ વિકસાવવા પાછળનો હેતુ : હાઈજિન (સ્વચ્છતા) અને લાઈફસ્ટાઈલમાં દુર્ગંધની સમસ્યાને સમજવી અને આ ઉત્પાદનોને બજાર માટે સ્વીકાર્ય બનાવવા. માર્કેટિંગનો હેતુ : ગ્રાહકોની જરૂરિયાતો સમજવી અને સૌથી પહેલા પહેલ કરીને ફાયદો મેળવવો. બ્રાન્ડનો હેતુ : સંભવિત ગ્રાહક અને કેટેગરીના ટ્રેન્ડ ઓળખવા તથા ઉત્પાદનમાં સુધારો કરવો.

મુખ્ય પરિબળ : પેટમાંથી દુર્ગંધયુક્ત વાયુ મુક્ત થવો એ ઘણા કિસ્સામાં ગંભીર તબીબી સમસ્યા હોઈ શકે છે. મહિલાઓ અને પુરૂષોમાં બંનેમાં આ સમસ્યા જોવા મળે છે. મોટા ભાગે લોકો વાછૂટને રોકી રાખવા પ્રયાસ કરે છે. પરંતુ લાંબા સમય સુધી તેને અટકાવવું યોગ્ય નથી. તે કિડની, હૃદય અને ફેફસાને લગતા અસાધ્ય રોગોનું મૂળ બની શકે છે.


### બજેટ સત્ર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કામકાજ ઉપર વધારે ભાર મુકવા માટે ઈચ્છુક છે. સત્ર દરમિયાન સામાન્ય બજેટ ફેબ્રુઆરી મહિનાના અંતિમ દિવસે એટલે કે ૨૯મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં સંસદીય બાબતોની મંત્રીમંડળની ચોથી ફેબ્રુઆરીના દિવસે મળેલી બેઠકમાં બજેટ સત્ર ૨૩મી ફેબ્રુઆરીથી શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સંસદનું બજેટ સત્ર ૨૩મી ફેબ્રુઆરીથી શરૂ થયા બાદ રેલવે બજેટ ૨૫મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરાશે. આર્થિક સર્વેક્ષણ ૨૬મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરાશે. સામાન્ય બજેટ ૨૯મી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરાશે. બજેટનો પ્રથમ તબક્કો ૧૬મી માર્ચના દિવસે પૂર્ણ થશે જ્યારે બીજો તબક્કો ૨૫મી એપ્રિલથી ૨૩મી મે સુધી ચાલશે.

# મર્યાદામાં રહીને સુત્રોચ્ચાર અને દેખાવો કરાયા : શંકરસિંહ વાઘેલા

અમદાવાદ, તા.૨૨

ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે ભાજપ સરકાર ઉપર જુદા જુદા મુદ્દાઓને લઈને



આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આજરોજ પત્રકાર મિત્રોને સંબોધતા જણાવ્યું હતું કે, આજે ઈન્દુચાચાનો જન્મ દિવસ છે અને યોગાનુયોગ પૂજ્ય કસ્તુરબાની પુણ્યતિથિ પણ છે. જાહેર જીવનમાં વર્ષો પછી આવા ઓલીયા ફકીર જેવા ગુજરાતના બંને સેવકો ગુજરાતના જાહેર જીવનમાં જીવંત રહ્યા છે.

આ બંને મહાનુભાવો દેશ અને ગુજરાતના જાહેર જીવનમાં અલગ તરી આવે તેવા નેતાઓ હતા. વાઘેલાએ જણાવ્યું હતું કે, નામદાર રાજયપાલના પ્રવચન દરમ્યાન કોંગ્રેસ પક્ષના સભ્યોએ રાજયપાલના ભાષણનો વિરોધ કર્યો અગાઉ પણ અનેકવાર વિરોધ થતો. કારણ કે, રાજયપાલના પ્રવચનમાં ભાજપ સરકારની ખોટી માહિતી અને માત્ર વાહ વાહ જ કરી હોય તો તેનો વિરોધ કરવાની અમારી ફરજ છે. રાજયપાલનુંપ્રવચન સરકારની સાચી વાત અને પ્રજાલક્ષી વાતને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હોય તો ઠીક છે. પરંતુ એમ ન હોવાથી કોંગ્રેસ પક્ષના સભ્યોએ લોકશાહી અને નામદાર રાજયપાલની મર્યાદામાં રહીને સુત્રોચાર અને દેખાવો કર્યા. રાજયપાલએ પણ તેમનું પ્રવચન ટુંકાવ્યું, તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ.

# પાઠય પુસ્તક મંડળ દ્વારા વિદ્યાર્થીઓ માટેના પુસ્તકો તૈયાર : શાળાઓને વિતરણ શરૂ

## દરવર્ષની સાપેક્ષમાં આ વર્ષે પુસ્તકોના સેટ વહેલા તૈયાર કરી દેવાયા : જિલ્લાની ૨૦૦ શાળાઓમાં પુસ્તકો પહોંચતા કરાશે

ગાંધીનગર તા ૨૨

રાજય પાઠય પુસ્તક મંડળ દ્વારા આ વર્ષે શાળામાં પુસ્તકોનુ વિતરણ નિયત સમય કરતા વહેલા કરી દેવાયુ છે. જે અન્વયે જિલ્લાની ૨૦૦ શાળાઓ માટે ધોરણ ૯ થી ૧૨ ના પુસ્તકો માટે ૫૫ હજાર જેટલા સેટ તૈયાર કરી દેવાયા છે.દરવર્ષે આમ તો શાળાઓમાં ઉઘડતી શાળાએ પુસ્તકોનુ વિતરણ કરવામાં આવતુ હોય છે. જયારે આ વર્ષે પુસ્તકોના સેટ વહેલા તૈયાર કરી દેવાયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

પાઠય પુસ્તક મંડળ દ્વારા જિલ્લાની શાળાઓમાં પુસ્તકોનુ વિતરણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. પાઠય પુસ્તક મંડળકક્ષાએથી જિલ્લા શિક્ષણ તંત્રને પુસ્તકો તૈયાર કરી સુપ્રત કરી દેવામાં આવ્યા છે. જેમાં ધોરણ ૯ થી ૧૨ ના વર્ગોમાં આ પુસ્તકોનુ વિતરણ કરવામાં આવશે. જિલ્લાની ગ્રાન્ટેડ ઈન તેમજ સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને પુસ્તકો પુરા પાડવા દરવર્ષે ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન વ્યવસ્થા કરવામાં આવે છે. જયારે આ પુર્વે પાઠય પુસ્તક મંડળ દ્વારા શાળાઓને પુસ્તકો પહોંચાડવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવે છે. જો કે આ વર્ષે નિયત સમય કરતા વહેલા પુસ્તકો તૈયાર કરી દેવાયા હોવાથી મંડળ દ્વારા શિક્ષણ તંત્રને સે-૧૬ સ્થિત મહાત્મા વિદ્યાલયમાં પુસ્તકોના સેટ પહોંચતા કરી દેવાયા છે. જેમાં ધોરણ ૯ અને ૧૦ માટે ૪૦ હજાર પુસ્તકોના સેટ, તેમજ ધોરણ ૧૨ માટે ૬ હજાર અને ધોરણ ૧૧ માટે ૯ હજાર પુસ્તકોના સેટ તૈયાર કરી પહોંચાડી દેવામાં આવ્યા છે. મંડળ દ્વારા જરૂરિયાતની સામે અત્યારથી જ ૭૦ ટકા પુસ્તકોનો જથ્થો પહોંચાડી દેવામાં આવ્યો છે.

# ડિસ્કો થેક જેવા સંગીતના જલસા પર મનોરંજન કર વસુલો

ગાંધીનગર, તા. ૨૨

બજેટ રજુ થવાની આડે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે રાજ્યના માહિતી વિભાગે “તમામ પ્રકારના નૃત્યો’ના નેજા હેઠળ ડિસ્કો થેક કે તેના જેવી અન્ય કોઈપણ પ્રવૃત્તિઓ કાર્યક્રમમો પર મનોરંજન કર અવશ્ય વસુલવો તેવી સૂચનાઓ જારી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા મનોરંજનકરની રકમ આમ તો બધીજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ફાળવી દેવામાં આવે છે.

રાજ્યના માહિતી વિભાગે તેની સૂચનામાં એવુ જણાવ્યુ છે કે તમામ પ્રકારના નૃત્યોના નેજા હેઠળ ડિસ્કો થેક કે તેના જેવી અન્ય કોઈપણ પ્રવૃત્તિઓ કે કાર્યક્રમો મનોરંજન કરમાંથી મુક્તિ મેળવે છે જે ગુજરાત મનોરંજન કર અધિનિયમ-૧૯૭૭ની કલમ-૩ની જોગવાઈઓના ભંગ સમાન છે.

મનોરંજન કરની કલમ-૩માં ૧૩ જેટલી બાબતોને મુક્તિ આપવામાં આવી છે.

રાજ્ય સરકાર કરમુક્તિ અંગે કડક વલણ અખત્યાર કરતાં કાર્યક્રમના આયોજકો પણ ચોંકી ઉઠ્યા છે. તાજેતરમાં જ રાજ્ય સરકારે ગુજરાતી ચલચિત્રોની પ્રોત્સાહન નીતિની જાહેરાત પછી જારી કરેલી આ સૂચના એ સૌને ચોંકાવી દીધા છે.

# ગુજરાત આવતા અમિતભાઈ શાહનું ૨૭મીએ ભવ્ય સ્વાગત કરાશે

ગાંધીનગર, તા. ૨૨

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજાએ જણાવ્યું હતું કે, આજરોજ પ્રદેશ અધ્યક્ષ શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં તેમજ રાષ્ટ્રીય



ઉપાધ્યક્ષ શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, પૂર્વ પ્રદેશ પ્રમુખ શ્રી આર. સી. ફળદુની ઉપસ્થિતિમાં પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખશ્રીઓ, જિલ્લા મહાનગરના પ્રભારીશ્રીઓ, જિલ્લા - મહાનગરના પ્રમુખશ્રીઓની બેઠક યોજાઈ હતી. જેમાં બીજીવાર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયેલા ગુજરાતના પનોતા પુત્ર શ્રી અમિતભાઈ શાહના આગામી તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૬ને શનિવારના રોજ પ્રદેશ ભાજપ દ્વારા સ્વાગત - અભિવાદનનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

શ્રી જાડેજાએ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે યોજાયેલા આજની બેઠકની વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષ તરીકેની બીજીવાર વરણી થયા બાદ તેઓ પ્રથમ વખત ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. રાજ્યના કાર્યકર્તાઓ અને પ્રદેશ ભાજપ માટે આનંદ અને ગૌરવપ્રદ સમી બાબત એ પ્રદેશ ભાજપાના કાર્યકર્તા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા હોય. રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે શ્રી અમિતભાઈ શાહનું અમદાવાદ એરપોર્ટ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે હજારો કાર્યકર્તાઓ અને રાષ્ટ્રીય તેમજ પ્રદેશના આગેવાનોની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહનું તેમજ ગુજરાત ભાજપાના અધ્યક્ષ શ્રી વિજયભાઈ રૂપાણીનું જાહેર અભિવાદન કરવામાં આવશે. અભિવાદન કાર્યક્રમ બાદ શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં શ્રી કમલમ્ ખાતે ધારાસભ્યશ્રીઓની બેઠક યોજાશે.

શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે,



પ્રદેશ અધ્યક્ષ શ્રી વિજયભાઈ રૂપાણીએ યોજેલી આજની આ પરિચય બેઠકમાં સંગઠનાત્મક કાર્યક્રમો ઉપરાંત સંગઠન સંરચના અંગે પદાધિકારીઓને માર્ગદર્શન તેમજ આગામી કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા હાથ ધરી હતી.

## સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિકના તૈલચિત્રને પુષ્પાંજલિ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે મહાગુજરાત ચળવળના પ્રણેતા મૂક સેવક પૂજ્ય ઈન્દુલાલ યાજ્ઞિકની ૧૨૫મી જન્મજયંતિએ વિધાનસભા પોડિયમમાં તેમના તૈલચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા પ્રગટ કરી હતી. આનંદીબહેને સ્વ. ઈન્દુચાચાએ મહાગુજરાતના જનઆંદોલન દ્વારા અલગ ગુજરાતની સ્થાપનામાં જે સિંહ ફાળો આપ્યો તેની પરિપાટીએ આજે ગુજરાત વૈશ્વિક વિકાસયાત્રાનું અગ્રેસર બન્યુંછે. આદરાંજલિ પાઠવતાં ઉમેર્યુંહતું.

### ફિલ્મોમાં ચમકશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બન્ને બહેનો રેસલીંગ(કુસ્તી)માં રાજયકક્ષાના અનેક રમતોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સંખ્યાબંધ મેડલો પણ પ્રાપ્ત કરી ચુકી છે. શેખ ઝરીના રેસલીંગ સાથે મુંબઈની રીઝવી કોલેજમાં બીએનો અભ્યાસ કરી રહી છે. જ્યારે શેખ શહાજહા પોતાનો સ્નાતકનો અભ્યાસ પુર્ણ કરી રહી છે.

વાવોલના શ્રમિક પિતાની બન્ને પુત્રીના નશીબ ત્યારે ખુલી ગયા કે ઈન્દોરના કોચે ફિલ્મમાં કામ કરવાની જાણ કરી હતી.

વાવોલની આ બન્ને રેસલર બહેનોએ આમીરખાનની દિગ્દર્શીત અને હરિયાણી રેસલર ગીતા ફોગટના જીવન પર દંગલ ફિલ્મ બની રહી છે. આ ફિલ્મમાં આમીરખાનની પુત્રી ફાતીમા ગીતા ફોગટનો અભિનય કરી રહી છે. જેમાં વાવોલની શેખ ઝરીનાએ રેસલીંગ કોર્ટમાં ફાતીમાની સામે કુસ્તી કરી તેને અને કુસ્તીના દાવપેચ શીખવ્યા છે.

મુસ્લીમ પરિવારની આ બન્ને રેસલર બહેનો બોલીવુડના દબંગ સુપર સ્ટાર સલમાનખાન સાથે પણ ફિલ્મોમાં કામ કરી ચુકી છે. અને હાલ બન્ને બહેનો સુલતામ ફિલ્મમાં શુટિંગ કરી રહી છે. રેસલર શેખ ઝરીના અને શેખ સહાજહા આગામી ડિસેમ્બર માસમાં આવનાર સલમાનખાનની ફિલ્મ સુલતાન આવનાર છે. જેમાં હિરોઈન તરીકે અનુષ્કા શર્મા અભિનય કરી રહી છે.

ફિલ્મ સુલતાનમાં પણ આ બન્ને બહેનો અનુષ્કા શર્માની રેસલર બહેનપણીનો અભિનય કરી રહી છે. અને રેસલીંગના દાવપેચ શીખવી રહી છે. જે ખરેખર ગાંધીનગર માટે ગૌરવ સમાન વાત છે.

શ્રમિક પરિવારની બન્ને રેસલર યુવતી આગામી સમયમાં ફિલ્મી પડદે બોલીવુડના સિતારાઓ સાથે જોવા મળશે.

વાવોલના શ્રમિક પરિવારની દિકરીઓ રમત ક્ષેત્રે આગળ વધતા છેક બોલીવુડ સુધી પહોંચી છે. ત્યારે રાજ્ય સરકાર તરફથી આ બન્ને ગરીબ પરિવારની દિકરીઓને પ્રેરણા અને સહાય મળે તે જરૂરી છે.

### તોફાની પ્રારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ પાટલી થપથપાવીને સૂત્રોચ્ચાર સાથે ગૃહમાં ધાંધલ શરૂ કરી હતી.

વિપક્ષ કોંગ્રેસના સભ્યોના સૂત્રોચ્ચાર વચ્ચે રાજ્યપાલશ્રીએ પોતાનું પ્રવચન વાંચવાનું ચાલુ રાખ્યુ હતુ. વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ મુખ્યમંત્રી રાજીનામુ આપેના સૂત્રોચ્ચાર સાથે ધાંધલ ચાલુ રાખી હતી. તો બીજી બાજુ રાજ્યપાલશ્રીના પ્રવચનની કેટલીક વાતો સત્તાપક્ષ ભાજપના સભ્યોએ પાટલી થબથબાવી આવકારી હતી.

વિપક્ષ કોંગ્રેસના સભ્યો પ્લેકાર્ડ પ્રદર્શીત કરતાં અને સૂત્રોચ્ચાર સાથે વેલમાં ધસી આવી ધાંધલ ધમાલ મચાવી ગૃહમાં ખલેલ પહોચાડી હતી.

વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ દારૂની રેલમછેલ જનતા પાડે જનતા રેડના સૂત્રોચ્ચાર સાથે હંગામો ગૃહમાં મચાવ્યો હતો. અડધો કલાક સુધી સૂત્રોચ્ચાર કર્યા બાદ કોંગ્રેસના સભ્યો વેલમાં ધસી આવીને નીચે બેસી ગયા હતા. વેલમાં બેઠા બેઠા સભ્યોએ સતત પ્લેકાર્ડ પ્રદર્શિત કરીને પાટીદારો જેલમાંના સૂત્રોચ્ચાર સતત ચાલુ રાખીને ગૃહમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખ્યુ હતુ.

વેલમાં બેઠા બેઠા કોંગ્રેસના સભ્યોએ બંધ કરો ભાઈ ભ્રષ્ટાચાર બંધ કરોના સૂત્રોચ્ચાર કર્યા હતા.

વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ સૂત્રોચ્ચાર ચાલુ રાખીને સતત ખલેલ પહોંચાડતા રહ્યા છતાં રાજ્યપાલશ્રીએ પોતાનું આખુ પ્રવચન વાંચવાનું ચાલુ રાખ્યુ હતુ. જો કે વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ ભારે સૂત્રોચ્ચાર કરી ખલેલ પહોંચાડતા રાજ્યપાલનું પ્રવચન વાંચેલુ જાહેર કરવુ પડ્યું હતું. બન્ને પ્રવચન ૨૦ મિનિટમાં પૂર્ણ કર્યુ હતુ.

### સિક્સલેન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવા માટે રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે દાયકાઓના અંતે સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં રસ્તાઓનુ કામ હાથ ધરવામાં આવશે. બીજીતરફ શહેરના અન્ય મુખ્ય માર્ગની જેમ ખ અને ગ માર્ગને પણ સિકસલેન બનાવવાની યોજના તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી છે. જો કે ગ માર્ગને સિકસલેન બનાવવાનુ આયોજન પણ ભાવિ સમયમાં હાથ ધરાશે. મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ માર્ગને સિકસલેન બનાવવા માટે ઘણાં સમય અગાઉ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જયારે ટેન્ડર આકરી થવામાં વિલંબ થતા ખ માર્ગનુ કામ પણ નિયત સમયે શરૂ થઈ શકયુ ન હતુ. જો કે હવે ખ માર્ગને સિકસલેન બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ વેળાએ નગરના ખ માર્ગનો રૂઆબ કાંઈક અલગ જ હોય છે. દેશ વિદેશમાંથી આવતા મહાનુભાવોની અવરજવર ખ માર્ગ પર રહેતી હોવાથી આ માર્ગને અપગ્રેડ કરવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ. જેના અંતે ખ માર્ગનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે.

### સમિતિની બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે પરિક્ષાને અનુલક્ષી ગત સપ્તાહ દરમિયાન જ સ્થળ સંચાલકોની બેઠક યોજવામાં આવી હતી. જયારે આ દરમિયાન પરિક્ષા કેન્દ્રો પર સી સી ટીવી કેમેરાની વોચ રાખવા માટે ખુટતી વ્યવસ્થા કરવા પણ સુચના આપવામાં આવી હતી. જેમાં બાકી રહેતા કેન્દ્રો પર પણ કેમેરા ગોઠવવા માટે સુચના આપી દેવામાં આવી છે. જયારે બોર્ડ પરિક્ષાના આયોજનને અનુલક્ષી આખરી તૈયારી માટે આગામી તા ૨૫ ફેબ્રુઆરીના રોજ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં પરિક્ષા સમિતિની બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ છે.જેમાં જિલ્લા શિક્ષણાધિકારી તેમજ બોર્ડના અધિકારીઓ પણ હાજર રહેશે. પરિક્ષા શાંતિપુર્ણ મોહોલમાં યોજાય તેમજ પરિક્ષાની કાર્યવાહી વધુ પારદર્શક બને તે માટે આખરી આયોજન કરવામાં આવશે. બાર્ડ પરિક્ષાને આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહયા હોવાથી વિદ્યાર્થીઓ પરિક્ષાલક્ષી તૈયારીમાં લાગી ગયા છે.જયારે શિક્ષણ બાર્ડ તેમજ તંત્ર પરિક્ષાના આયોજનને સફળ બનાવવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.

### ભારેલો અગ્નિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોના મોત થયા છે અને ૨૦ પોલીસ અને આઠ આર્મી ઓફિસરોને ઈજા થઈ છે. જાહેર અને ખાનગી સંપત્તિને ભારે નુકસાન થયું છે. મકાનો અને દુકાનોને આગ ચાંપવામાં આવી છે. બેંકો અને એટીએમને પણ તોફાની ટોળાએ આગ ચાંપી હતી. પોલીસને કાર્યવાહી કરવા માટે કહેવામાં આવ્યું છે. જાટ આંદોલનના કારણે સેંકડો ટ્રેનો રદ કરવામાં આવી હતી જેથી વાહન વ્યવહારને અસર થઈ હતી. સંચારબંધીને ઉઠાવવા માટેની ગણતરી પણ થઈ રહી છે. હિસ્સારથી નેશનલ અને રાજ્યના હાઈવે પર વાહન વ્યવહારને સામાન્ય કરવાના પ્રયાસ થઈ રહ્યા છે.

### સુપ્રીમનો હુકમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તિસ્તા સેતલવાડ અને તેના પતિ જાવેદ આનંદને આપવામાં આવેલા વચગાળાના રક્ષણને ૧૮મી માર્ચ સુધી લંબાવી દેવાની જાહેરાત કરી હતી. અમદાવાદમાં ગુલબર્ગ સોસાયટીમાં મ્યુઝિયમ બનાવવા માટે ફંડ એકત્રિત કરવા સાથે સંબંધિત આ મામલો છે. ગુલબર્ગ સોસાયટીમાં ૨૦૦૨માં વ્યાપક રમખાણો થયા હતા. સુપ્રીમ કોર્ટે આ દંપત્તિને ચેતવણી આપતા કહ્યું છે કે, તપાસમાં સહકાર કરવો પડશે. જો સહકાર નહીં કરે તો ધરપકડ પણ કરવામાં આવશે. આ હત્યાકાંડમાં ૬૯ લોકોના મોત થયા હતા. ગોધરા હત્યાકાંડના પ્રત્યાઘાતરુપે ગુજરાતમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી જેના ભાગરુપે અમદાવાદના ચમનપુરા વિસ્તારમાં સ્થિત ગુલબર્ગ સોસાયટીમાં તોફાની ટોળાએ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે હુમલો કર્યો હતો. મોટાભાગના મકાનોને આગ ચાંપી દેવામાં આવી હતી જેમાં ૩૫ લોકોના શરૂઆતમાં મોત દર્શાવવામાં આવ્યા હતા અને ૩૧ને લાપત્તા દર્શાવાયા હતા.


## ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત

સત્યમેવ જયતે

**આદિજાતિ વિકાસ વિભાગ**
**ત્રીજો માળ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૫૨૨૫૭**
**રીક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP)**
**સ્ટેચ્યુટરી ઓડીટરના વર્ષ ૨૦૧૬-૧૭ની પસંદગી માટે**

વનબંધુ કલ્યાણ યોજના

ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, આદિજાતિ વિકાસ વિભાગ દ્વિરા પ્રમોટેડ સોસાયટી, સ્ટેચ્યુટરી ઓડીટર નીમણુંક માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે જેઓ C&AG દ્વારા એમપેનલ હોય તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) ફર્મ પાસેથી વર્ષ ૨૦૧૬-૧૭ માટે રીક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP) આમંત્રીત કરે છે.

RFPની સંપૂર્ણ વિગતો અમારી વેબસાઈટ http://vkv.gujarat.gov.in તથા http://dsag.gujarat.gov.in ઉપરથી મેળવી શકાશે. અથવા ઉપરોક્ત જણાવેલ સરનામા પરથી ઓફીસ સમય દરમિયાન ‘ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત પેએબલ એટ ગાંધીનગર’ના નામનો રૂ. ૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ આપીને ટેન્ડર ડૉક્યુમેન્ટ મેળવી શકાશે.

**મહત્વની તારીખ :**

| | |
|---|---|
| પ્રીબીડ મીટીંગ | ૨૬/૨/૨૦૧૬ (૧૬.૦૦ કલાકે) |
| RFP કલેક્ટ કરવાની છેલ્લી તારીખ | ૧૪/૩/૨૦૧૬ (૧૭.૦૦ કલાકે) |
| પ્રપોઝલ ડી-સેગ ખાતે જમા કરાવવાની છેલ્લી તારીખ | ૧૭/૩/૨૦૧૬ (૧૬.૦૦ કલાકે) |
| ટેકનીકલ ડોક્યુમેન્ટ ખોલવાની તારીખ | ૧૮/૩/૨૦૧૬ (૧૬.૦૦ કલાકે) |

મુખ્ય કારોબારી અધિકારી
ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
ગાંધીનગર

માહિતી/૨૬૪૧/૧૫-૧૬

## ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

**મધુર ડેરી ‘ક’ રોડ, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૩૨૦**
**ફોન નં. : (૦૭૯) ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦**

### ટેન્ડર નોટીસ

**આ સંસ્થાની બિનઉપયોગી / બિનવપરાશી ચીજ વસ્તુઓ, ડેડસ્ટોક જેવી કે કોમ્પ્યુટર, લેપટોપ, ફર્નીચર, ફીક્ષચર, એલ્યુમિનિયમ તથા સ્ટીલના કેન, પ્લાસ્ટીક કેન, પ્લાસ્ટીક ક્રેટ, ડીપફ્રીઝ, મિલ્ક કુલર, લોખંડ, પતરુ તથા પ્લાસ્ટીકનો ભંગાર વગેરે વેચવાનો છે. તો રસ ધરાવતી પાર્ટીઓને, રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) રોકડા ભર્યેથી ટેન્ડર ફોર્મ, જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી તા. ૨/૩/૨૦૧૬ને ૧૫-૦૦ કલાક સુધી મળી શકશે. સીલબંધ ટેન્ડર ફોર્મ, ડિપોઝીટ રૂ. ૫૦૦૦/- (રીફંડેબલ)ના ઉપરોક્ત સંસ્થાના નામના ડી.ડી. સાથે તા. ૨/૩/૨૦૧૬ના રોજ ૧૬-૦૦ કલાક સુધી ઉપરોક્ત સ્થળે રૂબરૂમાં સ્વીકારવામાં આવશે. સમય મર્યાદા બાદ પાછળથી આવેલ ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં. ટેન્ડર ઓફર / ભાવ સ્વીકારવા કે નહીં તેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો રહેશે.**

**મેનેજીંગ ડીરેક્ટર**